પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨૯ | ૨૯ ઓક્ટોબર, ૨૦૨૧, શુક્રવાર; આસો વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આર્યનને ૨૫ દિવસ બાદ જામીન

## શાહરૂખના પરિવારને દિવાળી પહેલા રાહત : આર્યનની સાથે મુનમુન ધામેચા અને અરબાઝ મર્ચન્ટને પણ જામીન પર મુક્ત કરવાનો મુંબઈ હાઈકોર્ટનો હુકમ, જોકે આર્યનની જેલમુક્તિમાં વિલંબ



મુંબઈ, તા.૨૮

ડ્રગ્સ કેસના આરોપી આર્યન ખાનને આખરે જામીન મળી ગયા છે. આજે બોમ્બે હાઈકોર્ટે આર્યન સહિત મુનમુન ધામેચા અરબાઝ મર્ચન્ટને જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, આજે એનસીબીએ આર્યન જે આરોપમાં સંડોવાયેલો છે તે હત્યાથી પણ ગંભીર આરોપ છે તેમજ તે ડ્રગ પેડલર્સના સંપર્કમાં હોવાની સાથે તે લાંબા સમયથી ડ્રગ્સનું સેવન કરતો હોવાના આરોપ મૂક્યા હતા. તપાસ સંસ્થાએ એવો પણ દાવો કર્યો હતો કે આર્યન ખાનને જામીન પર છોડાયો તો કેસ પર તેની અસર પડી શકે છે. આર્યન ખાને હાઈકોર્ટમાં કરેલી જામીન અરજીની સુનાવણીનો આજે ત્રીજો દિવસ હતો. આજે કોર્ટમાં એનસીબી દ્વારા દલીલો કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, એનસીબીએ કોર્ટને જણાવ્યું હતું કે આર્યન ખાને પહેલીવાર ડ્રગ્સ નથી લીધું. તે છેલ્લા કેટલાક વર્ષોથી ડ્રગ્સની નિયમિત ખરીદી કરે છે. એટલું જ નહીં, તેણે મોટી માત્રામાં ડ્રગ્સ


● અનુસંધાન પાન-૭ પર

## ડ્રગ્સ કેસમાં કિરણ ગોસાવીની લાંબા સમય બાદ ધરપકડ

### જ્યારથી આર્યનનો મામલો સામે આવ્યો છે ત્યારથી કિરણ ગોસાવીની ધરપકડ કરવા માટે પોલીસે ટીમ બનાવી હતી

પુના,તા.૨૮

આર્યન ખાન ડ્રગ્સ કેસમાં સાક્ષી કિરણ ગોસાવીની મહારાષ્ટ્રમાં પુના પોલીસે ધરપકડ કરી છે. કિરણ ગોસાવીની વર્ષ ૨૦૧૮ના ફ્રોડ કેસ મામલે ધરપકડ કરાઈ છે. અત્રે જણાવવાનું કે વર્ષ ૨૦૧૮માં ચિન્મય દેશમુખ નામની વ્યક્તિએ મલેશિયામાં નોકરી અપાવવા માટે કિરણ ગોસાવીને ૬ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ જોબ ન મળી. ત્યારબાદ પોલીસમાં ફરિયાદ થઈ હતી. આ કેસમાં તે ભાગેડુ જાહેર થયો હતો. નોંધનીય છે કે જ્યારથી આર્યન ખાનનો મામલો સામે આવ્યો છે ત્યારથી કિરણ ગોસાવીની ધરપકડ કરવા માટે પોલીસે ટીમ બનાવી હતી. કિરણ ગોસાવી પણ સતત સરન્ડરની વાત કરતો હતો. જો કે હવે પોલીસે કિરણ ગોસાવીની ધરપકડ કરી લીધી છે. આર્યન ખાન કેસમાં સાક્ષી કિરણ ગોસાવીનું નામ ચર્ચામાં ત્યારે આવ્યું જ્યારે બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની સાથે કિરણ ગોસાવીની એક સેલ્ફી વાયરલ થઈ હતી. કિરણ ગોસાવીએ પોતે આર્યન ખાન સાથે પોતાની સેલ્ફી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી. પહેલા લોકોને લાગ્યું હતું કે આર્યન ખાન સાથે સેલ્ફી લેનારી વ્યક્તિ એનસીબીનો કોઈ અધિકારી છે. પરંતુ પાછળથી ખબર પડી કે તે કિરણ ગોસાવી છે અને આ કેસમાં એક સાક્ષી છે. પહેલા એવા ખબર મળ્યા હતા કે આર્યન ખાન ડ્રગ્સ કેસમાં એનસીબીનો સાક્ષી કિરણ ગોસાવી લખનૌ પોલીસ સામે સરન્ડર



કરી શકે છે. કિરણ ગોસાવી અને એક પોલીસ અધિકારી વચ્ચે થયેલી વાતચીતની કથિત ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. વાયરલ ઓડિયો ક્લિપ મુજબ લખનૌની મડિયાંવ પોલીસે કિરણ ગોસાવીને સરન્ડર કરાવવાની ના પાડી હતી. ફોન કોલ દરમિયાન કિરણ ગોસાવીએ પૂછ્યું હતું કે શું આ મડિયાંવ પોલીસ ચોકી છે? ત્યારબાદ કિરણ ગોસાવીએ કહ્યું હતું કે હું સરન્ડર કરવા માંગુ છું.

## નવેમ્બરથી ‘હર ઘર દસ્તક’ રસીકરણ અભિયાન

### ખરાબ પ્રદર્શન કરનારા જિલ્લાઓમાં પૂર્ણ વેક્સિનેશનના ઉદ્દેશ્યથી ડોર-ટુ-ડોર અભિયાન અંતર્ગત કામ હાથ ધરાશે

નવી દિલ્હી, તા.૨૮

કોરોના મહામારીના ખાત્મા માટે કેન્દ્ર સરકાર સતત વેક્સિનેશન અભિયાન ચલાવી રહી છે. થોડા દિવસો પહેલા જ ૧૦૦ કરોડ વેક્સિન ડોઝ અપાયાનો રેકોર્ડ સ્થાપિત થયો હતો. વેક્સિનેશન અભિયાનમાં કોઈ બચી ન જાય તે માટે સરકારે હવે આગામી મહિનેથી ’હર-ઘર દસ્તક’ વેક્સિનેશન અભિયાન શરૂ કરશે. કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી મનસુખ માંડવીયાએ બુધવારે રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે કોવિડ વેક્સિનેશન, પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન યોજના અંગે ચર્ચા કરી હતી.

આ સાથે જ ઈમરજન્સી કોવિડ-૧૯ રિસ્પોન્સ પેકેજ પર રાજ્યોના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠકની અધ્યક્ષતા કરી હતી. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવીયાએ ટ્વીટમાં લખ્યું હતું કે, આજે રાજ્યો અને યુટીના સ્વાસ્થ્ય મંત્રીઓ સાથે બેઠક કરી. કોવિડ-૧૯ વેક્સિનેશન, કોવિડ પ્રબંધન તથા પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશનને લઈ સાર્થક ચર્ચાઓ થઈ.



## વેક્સિન ખરીદવા ભારત ૧૫૦૦૦ કરોડની લોન લેશે

### ભારતે એશિયન ડેવલપમેન્ટ બેન્ક, ચીન સ્થિત એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેન્ક પાસેથી લોન માગી

નવી દિલ્હી , તા.૨૮

ભારત સરકારે કોરોનાની રસીના ૬૭ કરોડ ડોઝ ખરીદવા માટે એશિયન ડેવલપમેન્ટ બેંક તેમજ ચીન સ્થિત એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક પાસેી લોનની માંગણી કરી છે. એશિયન ડેવલપમેન્ટ બેંકનુ હેડક્વાર્ટર મનિલામાં આવેલુ છે. જેમાં અમેરિકા અને જાપાનનો હિસ્સો સૌથી વધારે છે. જ્યારે એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંકમાં ભારત અને ચીનની હિસ્સેદારી સૌથી વધારે છે. એવુ મનાય છે કે, વેક્સીન માટે એશિયન ડેવલપમેન્ટ બેંક તેમજ એશિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ બેંક ભારતને અનુક્રમે ૧.૫ અબજ ડોલર તેમજ ૫૦૦ મિલિયન ડોલરની લોન આપશે. આમ કુલ ૧૫૦૦૦ કરોડ રૂપિયા સરકાર લોન તરીકે લઈને વેક્સીન ખરીદવા માંગે છે. બેંક દ્વારા ભારતના પ્રસ્તાવ પર વિચારણા થઈ રહી છે. ભારતે લોન માટે ત્રણ મહિના પહેલા પ્રસ્તાવ મુકયો હતો.

## દેશમાં નવા ૧૬૧૫૬ કોરોનાના કેસ નોંધાયા

નવી દિલ્હી,તા.૨૮

દેશમાં જીવલેણ કોરોના વાયરસના ઘટતા કેસ વચ્ચે મૃતકોની સંખ્યા વધી રહી છે. ગુરુવારે સવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૧૬,૧૫૬ નવા કોવિડ-૧૯ કેસ નોંધાયા છે અને ૭૩૩ લોકોના મોત થયા છે.

છ દિવસમાં જ ૩૨૦૦થી વધુ સંક્રમિતોના મોત થયા છે. એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૧,૬૦,૯૮૯ પર પહોંચી છે.

આઈસીએમઆરના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધીમાં ૬૦,૪૪,૯૮,૪૦૫ સેમ્પલ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જે પૈકી ૧૨,૯૦,૯૦૦ સેમ્પલનું ગઈકાલે ટેસ્ટિંગ થયું હતું. કોરોનાનાનું સંક્રમણ ધીમું પડી રહ્યું છે ત્યારે દિલ્લી એમ્સના ડિરેક્ટર ડોક્ટર રણદિપ ગુલેરિયાએ આવનાર થોડા સપ્તાહ મહત્વપૂર્ણ હોવાના અને આ સમયમાં વધુ સાવધાન રહેવાની સલાહ આપી છે.

## રાહુલને ભલે લાગે, મોદીની જલદી સત્તા નહીં જાય : કિશોર

### ચૂંટણી રણનીતિના નિષ્ણાતનું નિવેદન : મોદીને હરાવવા પહેલા તેમની તાકાતનો અંદાજો લગાવવો જરૂરી, લોકો તેમની તાકાત સમજવા સમય નથી આપતા

નવી દિલ્હી, તા.૨૮



ચૂંટણીની રણનીતિ બનાવવા માટે જાણીતા પ્રશાંત કિશોરનુ એક નિવેદન રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યુ છે. પ્રશાંત કિશોરે એક અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યુ છે કે, ભાજપ ભારતીય રાજકારણમાં આગામી દાયકાઓ સુધી સત્તા પર રહેશે. રાહુલ ગાંધી જે સમજે છે તેવુ થવાનુ નથી. તેમને લાગે છે કે, લોકો બહુ જલ્દી નરેન્દ્ર મોદીને સત્તા પરથી હટાવી દેશે પણ એવુ નથી. મોદીને હરાવવા હોય તો પહેલા તેમની તાકાતનો અંદાજો લગાવવો જરૂરી છે. મોટાભાગના લોકો તેમની તાકાત સમજવા માટે સમય નથી આપી રહ્યા. પીએમ મોદીની એવી કઈ બાબતો છે જે તેમને લોકપ્રિય બનાવી રહી છે તે સમજવાની પહેલા જરૂર છે અને જ્યાં સુધી આ સમજ નહીં પડે ત્યાં સુધી પીએમ મોદીને કાઉન્ટર કરવા મુશ્કેલ છે. ગોવામાં ટીએમસી દ્વારા યોજાયેલા એક ચૂંટણી કાર્યક્રમમાં પ્રશાંત કિશોર પહોંચ્યા હતા. જ્યાં તેમણે આ વાત કહી હતી. તેમણે કહ્યુ હતુ કે, લોકો પીએમ મોદીથી નારાજ છે તેવા ભ્રમમાં ફસાવાની જરૂર નથી.

કદાચ એવુ બને કે મોદીને લોકો સત્તામાંથી બહાર પણ કરી દે. છતા ભાજપ રાજકારણમાંથી કશે જવાની નથી. આ માટે દાયકાઓ સુધી રાહ જોવી પડશે.

## નીટની પરીક્ષાના પરિણામ પરનો સ્ટે સુપ્રીમે હટાવ્યો

નવી દિલ્હી, તા.૨૮


મેડિકલમાં પ્રવેશ માટેની નીટ પરીક્ષાનુ પરિણામ જાહેર કરવા માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સુપ્રીમ કોર્ટે લીલી ઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટ દ્વારા બે વિદ્યાર્થીઓના મામલે મુંબઈ હાઈકોર્ટે નીટનુ પરિણામ જાહેર કરવા સામે આપેલા સ્ટેને હટાવી લેવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે, જે બે વિદ્યાર્થીઓને સમસ્યા ઉભી થઈ છે તેમના હિતની રક્ષા પણ થવી જોઈએ. નિરિક્ષકોએ સ્વીકાર્યુ છે કે, આ મામલામાં ભૂલ થઈ છે પણ સાથે સાથે બે વિદ્યાર્થીઓ માટે બાકીના લાખો વિદ્યાર્થીઓનુ પરિણામ રોકી શકાય નહી. સાથે સાથે સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને સૂચના આપી હતી કે, જે બે વિદ્યાર્થીઓને સમસ્યા ઉભી થઈ છે તેનો ઉકેલ પણ લાવવામાં આવે.

## કાશ્મીરમાં મીની બસ ખીણમાં ખાબકતાં આઠનાં મોત

જમ્મુ, તા.૨૮

જમ્મુ કાશ્મીર ખાતે ભીષણ માર્ગ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા છે. ઠથરીથી ડોડા જઈ રહેલી મિની બસ ખીણમાં ધસી પડવાના કારણે ૮ લોકોના મોત થયા હતા અને અનેક લોકોને ઈજાઓ પહોંચી છે. અકસ્માત અંગે જાણ થતા જ એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી ગઈ હતી અને ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. એડિશનલ એસપી ડોડાએ રાહત અને બચાવ કાર્ય હાથ ધરવામાં આવ્યું હોવાની માહિતી આપી હતી. કેન્દ્રીય મંત્રી ડો. જિતેન્દ્ર સિંહે જણાવ્યું કે, જમ્મુ કાશ્મીરના ડોડામાં ઠથરી પાસે થયેલા માર્ગ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા છે. ઘાયલોને જીએમસી ડોડા લઈ જવામાં આવ્યા છે અને આગળ પણ જે સહાયતાની જરૂર હશે તે ઉપલબ્ધ કરાવવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોડ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકો માટે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મૃતકોના પરિવારજનોને પીએમએનઆરએફ અંતર્ગત ૨-૨ લાખ રૂપિયાની સહાય કરવામાં આવશે. જ્યારે ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

ભાનભીની અંજલિ



સ્વ. ડો. જશવંતસિંહજી ભુરસિંહજી રાઠોડ

આપનું આયુર્વેદશાસ્ત્રનું જ્ઞાન, નમ્ર વ્યક્તિત્વ, સાલસ સ્વભાવ અને સહયોગનો અભિગમ ક્યારેય ભુલાય એમ નથી.
અમારા માટે આપનું જીવન પ્રેરણારૂપ બની રહેશે. આપના જીવનની સુગંધ લાંબા સમય સુધી સમાજ જીવનને મઘમઘતું રાખશે.
આપના દિવ્ય આત્માને શત્ શત્ પ્રણામ

લી.
ચેતન પટેલ
સિદ્ધરાજ ગૃપ